**પરીપત્ર**

વિષય : New ERP સોફ્ટવેર અંતર્ગત પરીક્ષા ફોર્મના ચલણ જનરેટ કરવા બાબત.

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના વડાઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાના વડાઓને જણાવવામાં આવે છે કે, નવા સોફ્ટવેર અંતર્ગત જે વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરેલ છે પરંતુ ABC ID ના હોવાને લીધે પરીક્ષા ફોર્મ વેરીફાય થયેલ નથી તેવા વિદ્યાર્થીઓની રેગ્યુલર પરીક્ષા ફોર્મ ફી ગણી તેની અલગથી ઓનલાઇન ચુકવણી કરવાની રહેશે તેમજ અલગથી ચુકવણી કરી ચુકવણીના રેફરન્સ નંબર સાથેની વિદ્યાર્થીઓની યાદી પરીક્ષાનું ચલણ જમા કરતા સમયે પરીક્ષા વિભાગમાં રજુ રાખવાનું રહેશે. જે વિદ્યાર્થીઓની યાદી અત્રેની યુનિવર્સિટીના ઇ-મેઇલ આઇ.ડી. : nad.abc@bknmu.edu.in મોકલેલ હશે માત્ર તેવા વિદ્યાર્થીઓની પરીક્ષા ફોર્મ ફી રેગ્યુલરમાં ગણવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા ABC ID જનરેટ થયે તેની યાદી જે-તે કોલેજને તેમના ઇ-મેઇલ આઇ.ડી. પર મોકલવામાં આવશે ત્યારબાદ તમામ કોલેજે પરીક્ષા ફોર્મમાં ABC ID ની ઓનલાઇન એન્ટ્રી કરી, પરીક્ષા ફોર્મ વેરીફાય કરી, ચલણ જનરેટ કરવાનું રહેશે. ત્યારબાદ વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ અત્રેની યુનિવર્સિટી દ્વારા વેરીફાય કરવામાં આવશે જેની તમામ સંબંધીતોએ ખાસ નોંધ લેવી.

મદદનીશ કુલસચિવ
(પરીક્ષા)

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૯૪૪/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૧૨/૦૯/૨૦૨૩

પ્રતિ,
યુનિવર્સિટી ભવનના વડાઓ, સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ....

નકલ સવિનય રવાના :-
(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે)